Extra No. 270

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **FRIDAY, AUGUST 1, 2025 / SRAVANA 10, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણે લીધું :-

પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્યના પત્ર ક્ર. SOG/૩૫૬/૨૦૨૫, તા.૦૫/૦૭/૨૦૨૫.

// જાહેરનામું //

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા સને-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે.

No.EC/MAG/WS/6276 To 6306/2025.-વડોદરા ગ્રામ્ય જીલ્લામાં મોટા પ્રમાણમાં ઔદ્યોગિક એકમો અને જી.આઈ.ડી.સી. વિસ્તાર આવેલ છે. જેમાં ગુજરાત રાજયમાંથી તેમજ ભારત દેશના અલગ-અલગ રાજયોમાંથી સીકયુરીટી જવાનો નોકરી અર્થે આવતા હોય છે. બહારના રાજયોમાંથી આવતા ત્રાસવાદી/અસામાજીક તત્વો આ ઔદ્યોગિક વિસ્તારોમાં તેમજ રહેણાંક સોસાયટીઓમાં પ્રથમ સીકયુરીટી જવાન બની, આશરો અને રોજગારી મેળવવાનું નાટક કરે છે અને તે દરમ્યાન તે વિસ્તારની રેકી કરી, આતંકવાદી હુમલો કે બોમ્બ બ્લાસ્ટને અંજામ આપી, લોકોના જાન-માલને પારાવાર નુકશાન કરે તેવો આતંક ફેલાવે અને સમગ્ર દેશની શાંતી અને સુરક્ષા ઉપર ખતરો ઉભો કરે તેમજ ઘણાખરા સીકયુરીટી જવાનો ગુનાહીત પ્રવૃત્તી સાથે સંકળાયેલ હોવાની શક્યતા રહેલી છે. જેથી આવા ઔદ્યોગીક એકમોમાં સીકયુરીટી જવાનો નોકરી કરી સ્થાનીક પરિસ્થીતીનો સર્વે કરી માહિતગાર થઈ કોઈ ગુનાહીત પ્રવૃત્તીને અંજામ આપે તે શક્યતા નકારી શકાય નહી.

આવી પ્રવૃત્તી ઉપર અંકુશ લાવવામાં ઔદ્યોગિક એકમોનું સીકયુરીટી સંચાલકો સતર્ક રહી, તંત્રને સાથ અને સહકાર આપે તેવા શુભ આશયથી વડોદરા ગ્રામ્ય જીલ્લામાં આવેલ તમામ ઔદ્યોગિક એકમો અને રહેણાંક સોસાયટીમાં સીકયુરીટી સંચાલકોએ ફરજ અર્થે મુકવામાં આવેલ તેઓ હસ્તકના સીકયુરીટી જવાનોની હકીકત આ સાથે સામેલ પર્ફોર્મા મુજબની માહિતી સંબંધિત પોલીસ સ્ટેશન ખાતે જમા કરાવે તે માટે પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય દવારા જાહેરનામું પ્રસિદ્ધ કરવા વિનંતી કરેલ છે.

વાસ્તે હુ બી. એસ. પટેલ, (GAS) અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, વડોદરા, ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિગતો વડોદરા જિલ્લાના પોલીસ કમિશનરશ્રી વડોદરા શહેરની હકુમત સિવાયના વડોદરા ગ્રામ્ય જિલ્લાના સમગ્ર વિસ્તાર નગરપાલિકા વિસ્તાર) (સહિત માં તથા વડોદરા જિલ્લાના પોલીસ કમીશ્નરશ્રીની હદ વિસ્તાર સિવાયના વડોદશ મ્યુનિસીપલ કોર્પોરેશનમાં સમાવિષ્ટ વિસ્તારમાં આ સાથે સામેલ પત્રક-એ મુજબની માહિતી સંબંધિત પોલીસ સ્ટેશન ખાતે. જમા કરાવવાની રહેશે.

આ હુકમ તા. ૧૬/૦૭/૨૦૨૫ થી તા. ૧૫/૦૯/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપલા દરજજાનો હોદો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે બી.એન.એસ. કલમ ૨૨૩ મુજબ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

વડોદરા ગ્રામ્ય જીલ્લા પોલીસ
સીક્યુરીટી જવાનો વિશે માહિતી અંગેનું ફોર્મ

૧	સીક્યુરીટી એજન્સીનું પુરું નામ, સરનામું, મોબાઈલ - નંબર સહિત	
૨	સીક્યુરીટી જવાનનું નામ તથા ઉમંર	
૩	સીક્યુરીટી જવાનનું હાલનું સરનામું, કોન્ટેક્ટ નંબર	
૪	સીક્યુરીટી જવાનનું હાલનું ફરજનું સ્થળ, કંપનીનું નામ, સરનામું	
૫	સીક્યુરીટી જવાનનું મુળ વતન, સરનામું, ગામ, તાલુકો, જિલ્લો	
૬	સીક્યુરીટી જવાનનું મુળ વતન, સ્થાનીક પો.સ્ટે.નું નામ તથા કોન્ટેક્ટ નંબર -	
૭	સીક્યુરીટી જવાનના વતનના આગેવાનનું નામ સરનામું તથા કોન્ટેક્ટ નંબર -	
૮	સીક્યુરીટી જવાન ક્યારથી ફરજ બજાવે છે.	
૯	સીક્યુરીટી જવાન અગાઉ કોઈ પોલીસ ગુનામાં પકડાયેલ હોય તો તેની વિગત	
૧૦	સીકયુરીટી જવાન વડોદરા ગ્રામ્ય જીલ્લામાં કંઈ તારીખથી નોકરી અર્થે આવેલ છે.	
૧૧	સીક્યુરીટી જવાન હથિયાર પરવાનો ધરાવે છે કે કેમ?	
૧૨	હથિયાર પરવાનાની વિગત તથા હથીયારની વિગત	

સીક્યુરીટી જવાનનો તાજેતરનો ફોટોગ્રાફ

સીક્યુરીટી જવાનની સહી/અંગુઠાનું નિશાન

સીક્યુરીટી એજન્સીના માલિકની સહી

આજ તા.૧૬/૦૭/૨૦૨૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

બી. એસ. પટેલ,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
વડોદરા

વંચાણે લીધું :-

પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્યના પત્ર ક્ર. SOG/૩૫૬/૨૦૨૫, તા.૦૫/૦૭/૨૦૨૫.

// જાહેરનામું //

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા સને-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ.

No.EC/MAG/WS/6307 To 6337/2025.-ભારત સરકારની ગુપ્તચર સંસ્થાઓના અહેવાલો અને ભુતકાળમાં બનેલ બનાવોથી જણાયેલ છે કે ત્રાસવાદી હુમલાઓ થવાની શકયતાઓ નકારી શકાય તેમ નથી. આવા ત્રાસવાદી/અસામાજીક તત્વો શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી પોતે નક્કી કરેલ કૃત્યને અંજામ આપી નિર્દોષ માણસોની જીંદગીની ખુવારી કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે.

આવા ત્રાસવાદી/અસામાજીક તત્વો તેમજ મિલ્કત સંબંધી ગુનાઓ કરતાં ગુનેગારો વાહનો લઈ, ગુન્હા કરી વાહન મારફતે આજુબાજુના ગામડાઓમાં/જીલ્લામાં અને રાજય બહાર નાસી જાય છે. અને નિર્દોષ નાગરીકોના જાન, માલ, મિલ્કતને અપાર નુકશાન પહોંચાડી ટોલનાકામાંથી પસાર થતા હોય છે. જો આવા ટોલનાકાઓના મુખ્ય તેમજ સર્વિસ રોડ ઉપર સી.સી.ટી.વી. કેમેરા લગાડવામાં આવે તેમજ પસાર થતાં વાહનોનાં પુરેપુરા રજીસ્ટ્રેશન પાડવાની અને ગંભીર પ્રકારના ગુનાઓના ડિટેકશનની શક્યતાઓ ખુબ જ વધી જાય છે. આમ, વડોદરા ગ્રામ્ય જીલ્લા વિસ્તારમાં આવા ટોલનાકાઓ ઉપર સી.સી.ટી.વી. કેમેરા લગાડવા તેમજ ટોલનાકાઓ ઉપરથી પસાર થતાં વાહનોનાં પુરેપુરા રજીસ્ટ્રેશન નંબરોની નોંધણી નિયમિત રીતે થાય તે ખુબ જ જરૂરી છે જે અંગે ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પ્રવર્તમાન સંજોગોને અનુલક્ષી પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય ધ્વારા જાહેરનામું અમલમાં મુકવા હુકમ બહાર પાડવા વિનંતી કરેલ છે.

વાસ્તે હું, બી. એસ. પટેલ, (GAS) અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, વડોદરા, ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, વડોદરા જિલ્લાના પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેરની હકુમત સિવાયના વડોદરા ગ્રામ્ય જિલ્લાના સમગ્ર વિસ્તાર (નગરપાલિકા વિસ્તાર સહિત) માં તથા વડોદરા જિલ્લાના પોલીસ કમીશ્નરશ્રીની હદ વિસ્તાર સિવાયના વડોદરા મ્યુનિસીપલ કોર્પોરેશનમાં સમાવિષ્ટ વિસ્તારમાં આવેલ ટોલનાકાના મેનેજરશ્રી અથવા વહીવટકર્તાશ્રીઓને ટોલનાકાના મુખ્ય તેમજ સર્વિસ રોડ ઉપરથી પસાર થતાં તમામ વાહનોના નંબર પ્લેટ અને ચાલક સ્પષ્ટ રીતે દેખાય તે રીતે સી.સી.ટી.વી. કેમેરાઓ ગોઠવી રેકોર્ડીંગ કરવા જે માટે નાઈટ વિઝનવાળા કેમેરા ગોઠવવા તથા પસાર થતાં વાહનોના નંબર અને સીરીજ સહીતના સંપૂર્ણ નંબરોની નોંધણી કરવા, ઉપરાંત આ સી.સી.ટી.વી. કેમેરાનું ડિઝીટલ રેકોર્ડીંગ તેમજ કોમ્પ્યુટરાઈઝ નોંધણીના ડેટાનો બેકઅપ છ માસ સુધી જાળવી રાખવાના રહેશે.

આ હુકમ તા. ૧૬/૦૭/૨૦૨૫ થી તા. ૧૫/૦૯/૨૦૨૫ સુધી (બંને દિવસો સહિત) ૪૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપલા દરજજાનો હોદો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે બી.એન.એસ. કલમ ૨૨૩ મુજબ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૬/૦૭/૨૦૨૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

બી. એસ. પટેલ,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
વડોદરા

વંચાણે લીધું:-

પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્યના પત્ર ક્ર. SOG/૩૫૬/૨૦૨૫, તા.૦૫/૦૭/૨૦૨૫

હુકમ

// ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા સને-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ //

No.EC/MAG/WS/6338 To 6368/2025.-વડોદરા જીલ્લાના પોલીસ કમિશ્નરશ્રી, વડોદરા શહેરની હદ્દ વિસ્તાર સિવાયના વડોદરા મ્યુનિસીપલ કોર્પોરેશનમાં સમાવિષ્ટ વિસ્તારોમાં તથા વડોદરા ગ્રામ્ય જીલ્લાના સમગ્ર વિસ્તાર (નગરપાલિકા વિસ્તાર સહિત) માં સ્પા/મસાજ પાર્લર ચલાવવાની આડમાં નસીલા કેફી દ્રવ્યોનું સેવન તથા દેહવ્યાપાર તથા અન્ય ગેરકાયદેસર કૃત્યો ચલાવતાં હોવાનું જણાઈ આવેલ છે. કેટલાક અસામાજીક તત્વો આવા સ્પા/મસાજ પાર્લરની આડમાં ગુનાહીત કૃત્યો કરી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરતા હોવાનું જણાઈ આવેલ છે.

જેથી સ્પા/મસાજ પાર્લરોની આડમાં ગુન્હાહીત કૃત્યો અટકાવવા સારૂં સ્પા/મસાજ પાર્લરોની માહિતી જે-તે વિસ્તારના પોલીસ સ્ટેશન પાસે હોવી જરૂરી છે.

// હુકમ //

વાસ્તે, હું બી. એસ. પટેલ (GAS), અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, વડોદરા, ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રુએ આથી હુકમ કરુ છું કે,

વડોદરા જીલ્લાના પોલીસ કમિશ્નરશ્રી, વડોદરા શહેરની હદ વિસ્તાર સિવાયના વડોદરા મ્યુનિસીપલ કોર્પોરેશનમાં સમાવિષ્ટ વિસ્તારોમાં તથા વડોદરા ગ્રામ્ય જીલ્લાના સમગ્ર વિસ્તાર (નગરપાલિકા વિસ્તાર સહિત) માં સ્પા/મસાજ પાર્લરના સંચાલકોએ તેમાં કામ કરતા કર્મચારીઓની સંખ્યા સહિત સંપૂર્ણ વિગત પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે.

// સ્પા/મસાજ પાર્લરની માહિતી //

અ.નુ.	વિગત	રીમાર્કસ
૧.	સ્પા/મસાજ પાર્લરનું નામ/સરનામું./સંપર્ક નંબર	
૨.	માલિક/સંચાલક નું નામ/સરનામું./સંપર્ક નંબર	
	સ્પા/મસાજ પાર્લરનું કામ કરતા તમામ કર્મચારીઓની સંપુર્ણ વિગત.(ફોટા સહિતની)	
	(૧) જો તેઓ ભારતીય હોય. તો તેના ઓળખના પુરાવા જોડવા.	
	હાલનું સરનામું-	
	મુળ વતન નું સરનામું-	
	ફોનનં (ઘર)	
	(૨) જો તેઓ વિદેશી હોય. તો. - તેમના પાસપોર્ટ ની વિગતઃ-(પાસપોર્ટ તથા વિઝાની નકલ જોડવી. - કયા વિઝા પર ભારતમાં આવેલા છે. તેની વિગતઃ-	
	હાલનું સરનામું-	
	ફોનનં (ઘર) ઓફિસ (મો.નં)	
	સ્પા/ મસાજપાર્લર ચલાવનારનો ફોટો. / સ્પા/મસાજ પાર્લરમાં કામ કરતા કર્મચારીનો ફોટો. / પોલીસ સ્ટેશનના સહિ, સિક્કા અને તારીખ સ્પા/મસાજપાર્લર ચલાવનારની સહી :- કામ કરતા કર્મચારીની સહી :- સાક્ષીનું નામ, સરનામું તથા સહી :-	
૩.	**:: નિયમો ::** ૧. આ વિગત કોરા કાગળ પર લખવાની રહેશે. ૨. આ વિગત સંપુર્ણ રીતે ભરીને સ્પા/મસાજપાર્લરો જે નામથી ચાલતા હોય. તેના નામ સાથે ની વિગત જે તે પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાની રહેશે. ૩. આ વિગત સંપુર્ણ ભરાયા પછી તેની બે નકલ કાઢવાની રહેશે. બંને નકલ જેતે પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. જેની એક નકલ પોલીસ સ્ટેશનના સહી સિક્કા લઈ સાચવી રાખાવાની રહેશે. ૪. સ્પા/મસાજપાર્લર ચલાવનારે તેમનું ડ્રાઈવિંગ લાયસન્સ, પાન કાર્ડ, આધારકાર્ડ,ઈલેકશન કાર્ડ, રજુ કરવાના રહેશે.	

// અમલવારીનો સમય તથા વિસ્તાર //

{વડોદરા જીલ્લાના પોલીસ કમિશ્નરશ્રી, વડોદરા શહેરની હદ વિસ્તાર સિવાયના વડોદરા મ્યુનિસીપલ કોર્પોરેશનમાં સમાવિષ્ટ વિસ્તારોમાં તથા વડોદરા ગ્રામ્ય જીલ્લાના સમગ્ર વિસ્તાર (નગરપાલિકા વિસ્તાર સહિત) માં તા.૧૬/૦૭/૨૦૨૫નાં કલાક ૦૦/૦૦ થી તા.૧૫/૦૭/૨૦૨૫ના કલાક ૨૪/૦૦ સુધી હુકમનો અમલ કરવાનો રહેશે.}

// શિક્ષા //

આ જાહેરનામાં હુકમનાં ભંગ બદલ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ ૨૨૩ મુજબ શિક્ષાનું પાત્ર થશે.

આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ અને તેઓથી ઉપરી કક્ષાના પોલીસ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે બી.એન. એસ. કલમ ૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૬/૦૭/૨૦૨૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

બી. એસ. પટેલ,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
વડોદરા

વંચાણમાં લીધું:-

પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્યના પત્ર ક્ર. SOG/૩૫૬/૨૦૨૫, તા.૦૫/૦૭/૨૦૨૫

// જાહેરનામું //

// ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા સને-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ //

No.EC/MAG/WS/6369 TO 6399/2025.-ગુપ્તચર સંસ્થાઓના અહેવાલો અને અમુક બનાવોથી જણાયેલ છે કે ત્રાસવાદી/ અસામાજીક તત્વો મહત્વના શહેરોમાં આવેલ હોટલ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળામાં રોકાણ કરતાં હોય છે અને આવા શહેરોના સર્વે કરી સ્થાનિક પરીસ્થીતિ થી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી તેમજ અસામાજીક પ્રવૃતિને અંજામ આપતા હોય છે આ સ્થીતિને નિવારી શકાય અથવા તો. અંકુશ મુકી શકાય તે સારુ તેમજ રાષ્ટ્રીય સુરક્ષા અને સલામતી માટે ભયજનક વ્યકિતઓ તથા આંતકવાદીઓને પકડવા તેમજ તેમને લગતી માહીતી મેળવવા અને તેમની હેરફેર અંગે સચોટ માહીતી રાષ્ટ્રીય હીતમાં મેળવવા માટે પોલીસ તંત્ર અસરકારક કામગીરી કરી શકે તે માટે જાહેર જનતાનો સહકાર ઉપરોકત હેતુસર સાચી દિશામાં મળી રહે તે જરૂરી છે.

વડોદરા ગ્રામ્ય જીલ્લાની હોટલોમાં રોકાયેલ યુવક, યુવતિઓ અનુસંધાને અનિચ્છનીય બનાવ બનેલાનુ ધ્યાને આવેલ છે. આવા બનાવોની સમાજમાં ખુબજ ખરાબ અસર પડતી દેખાય જેથી જાહેર સલામતી સારૂ તેમજ જે લોકો હોટલમાં રૂમ ભાડે રાખે છે. તેઓના હીત ખાતર અને સમાજમાં સારો સંદેશ પહોચે તે હેતુથી હોટલમાં રૂમ લેનાર વ્યકિતઓ ઉપર અંકુશ રાખવો જરૂરી જણાય છે. તેમજ આજના આધુનિક જમાનામાં દરેક ક્ષત્રે બદલાવ આવેલ છે તેમજ ટેકનોલોજીનો વ્યાપ પુષ્કળ પ્રમાણમાં વધી ગયેલ છે તેમજ કોઈ પણ શહેરમાં રોકાણ કરવાની વ્યવસ્થાઓનો વ્યાપ વધી ગયેલ હોવાથી ગુન્હેગારોનુ કાર્યક્ષેત્ર સ્થાનિક ગામ-શહેર કે રાજ્ય પુરતું મર્યાદિત રહેલ નથી તેમજ અન્ય શહેર કે રાજ્યના ગુન્હેગાર આવી શહેરોની હોટલ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળામાં રોકાઈ ગુન્હાને અંજામ આપી સહેલાઈથી નીકળી જતા હોય છે જેથી હોટલો ઉપર રોજે રોજ મેન્યુઅલિ ચેક કરવી પોલીસ માટે પડકાર થઈ પડે છે. જેથી હોટલ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળાના માલીકે ગ્રાહકની રજીસ્ટર એન્ટ્રીની સાથે દરેક હોટલે પોતાના રિસેપ્શન કાઉન્ટર ઉપર ઈન્ટરનેટ કનેકટીવીટી સાથેનું એક કોમ્પ્યુટર રાખવા તેમજ પોલીસ તેમજ પોલીસ દ્વારા તૈયાર કરવામાં આવેલ PATHIK (Program for Analysis of Traveler & Hotel informatics) સોફટવેર ઈન્સ્ટોલ કરાવી PATHIK સોફટવેરમાં એન્ટ્રી કરાવવા માટે હોટલ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળાના સંચાલકોને પાલન કરવા અંગેનુ જાહેરનામુ ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ ૧૪૪ મુજબ પ્રવર્તમાન સજોગોને અનુલક્ષી પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય ધ્વારા જાહેરનામું દિન-૬૦ માટે અમલમાં મુકવા હુકમ બહાર પાડવા વિનંતી કરેલ છે.

વાસ્તે હું, બી. એસ. પટેલ, (GAS) અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, વડોદરા, ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ સુચનાઓનું વડોદરા જીલ્લાના પોલીસ કમિશ્નરશ્રી, વડોદરા શહેરની હકુમત સિવાયના વડોદરા ગ્રામ્ય જીલ્લાના સમગ્ર વિસ્તાર (નગરપાલિકા વિસ્તાર સહિત) માં તથા વડોદરા જિલ્લાના પોલીસ કમીશ્નરશ્રીની હદ વિસ્તાર સિવાયના વડોદરા મ્યુનિસીપલ કોર્પોરેશનમાં સમાવિષ્ટ વિસ્તારમાં પાલન કરવાનુ રહેશે.

સુચનાઓ:-

(૧) હોટલ-ગેસ્ટ હાઉસમાં આવનાર દરેક મુસાફરના તેમના જ હસ્તાક્ષરમાં રજીસ્ટરમાં જરુરી નોધ કરવામાં આવે.

(૨) હોટલ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળાના માલીકે ગ્રાહકની રજીસ્ટર એન્ટ્રીની સાથે દરેક હોટલે પોતાના રિસેપ્શન કાઉન્ટર ઉપર ઈન્ટરનેટ કનેકટીવીટી સાથેનું એક કોમ્પ્યુટર રાખવા તેમજ પોલીસ દ્વારા તૈયાર કરવામાં આવેલ PATHIK (Programme for Analysis of Traveller & Hotel informatics) સોફટવેર ઈન્સ્ટોલ કરાવી PATHIK સોફટવેરમાં એન્ટ્રી કરવાની રહેશે.

(૩) આ રજીસ્ટરમાં મુસાફરની સહી સાથે પુરુષ મુસાફરના ડાબા હાથના અંગુઠાનુ અને સ્ત્રી મુસાફરના જમણા હાથના અંગુઠાનુ નિશાન લેવામાં આવે.

(૪) દરેક મુસાફર પોતાની સંપુર્ણ ઓળખ, ટેલીફોન નંબર, મો.નંબર, તેમજ હોટલ કે ગેસ્ટ હાઉસથી નજીકના સ્થળે રહેતા મુસાફરના પરીચીત/ સગા /ઓળખીતાનુ નામ, સરનામુ, ટેલીફોન- મો.નંબરની વિગતો આ રજીસ્ટરમાં નોંધવામાં આવે તે જોગવાઈ ફરજીયાત પણે કરાવવી, તેમજ આ હકીકત નોધાવવાની જવાબદારી હોટલ-ગેસ્ટ હાઉસ ના સંચાલક ની નિયત કરવામાં આવે.

(૫) મુસાફરના ઓળખ કાર્ડ (ચુંટણીકાર્ડ, ડ્રાયવીંગ લાયસન્સ, કચેરીનુ આઈકાર્ડ વિગેરે)ની સેલ્ફ એટેસ્ટેડ ફોટો કોપી હોટલ, ગેસ્ટહાઉસના દફતરમાં રાખવી.

(૬) જીલ્લાના વિસ્તારોની હોટલ-ગેસ્ટ હાઉસ ના લાયસન્સ નોધવામાં આવેલ માલીક સિવાય કોઈએ હોટલનું સંચાલન કરવુ નહી તેમજ આવી હોટલ-ગેસ્ટ હાઉસ કોઈ પણ પ્રકારના દિવાની હકક જેવા કે ભાડે ચલાવવા આપવી, ગીરો ખતથી ચલાવવા આપવી, વિગેરે અન્ય કોઇ વ્યકિતને સુપ્રત કરવા માટે મનાઇ જાહેર કરવામાં આવે.

(૭) કોઇ પણ હોટલ / ગેસ્ટ હાઉસ માલિક નક્કી કરેલ ભાડાથી વધારે ભાડુ લઇ શકશે નહી.

(૮) હોટલમાં પ્રવેશ કરતા તથા પરત જતા ગ્રાહકોના ચહેરા સીસીટીવીમાં સ્પષ્ટ આવે તે રીતે કેમેરા ઇન્સ્ટોલ કરાવવાના રહેશે.

(૯) આવાસની સુવિધા મેળવનાર યુવક, યુવતિ, (સ્ત્રી-પુરૂષ) બેગ અને કોઇ પણ સામાન (જેમાં સ્કુલ કે કોલેજ બેગનો સમાવેશ નહીં થાય) વગર આવ્યા હોય અને તેઓ ૩ કલાક કે તેથી ઓછા સમયમાં રૂમ છોડે ત્યારે તેઓના નામ-સરનામા અને મોબાઇલ નંબર સાથે તાત્કાલિક સ્થાનિક પોલીસ સ્ટેશનમાં જાણ કરવાની રહેશે.

(૧૦) જીલ્લાની હદમાં આવેલ હોટલો, ગેસ્ટ હાઉસો, ધાબાના માલીકો તથા મેનેજર/તમામ કર્મચારીઓના નામ, સરનામુ, નજીકના સગાની વિગતો, આંગળા ની છાપો, વિગેરેની હકીકતો તેમજ આવી હોટલોની અન્ય સાથી હોટલ-ગેસ્ટ હાઉસ (SISTER CONCERN) કયાં ક્યાં સ્થળે આવેલ છે તેમના માલીક/મેનેજર/સંચાલકના નામ, સરનામું, ટેલીફોન- મો.નંબર ની લેખીત માહીતી સંબધીત પોલીસ સ્ટેશન, સબંધ કરતાં સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ તથા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ ને ફરજીયાત આપવી.

(૧૧) હોટલ ગેસ્ટ હાઉસમાં રોકાતા મુસાફરો જે વાહનમાં આવે તે વાહનનો રજીસ્ટ્રેશન નંબર તથા વાહનનો પ્રકાર તેમજ પબ્લીક ટ્રાન્સપોર્ટમાં આવેલ હોય તો તે મુજબ રજીસ્ટરમાં નોંધ કરવી.

આ હુકમ તા. ૧૬/૦૭/૨૦૨૫ થી તા. ૧૫/૦૯/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપલા દરજજાનો હોદો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે બી.એન.એસ. કલમ ૨૨૩ મુજબ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૬/૦૭/૨૦૨૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

બી. એસ. પટેલ,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
વડોદરા

વંચાણમાં લીધું:-

પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્યના પત્ર ક્ર. SOG/૩૫૬/૨૦૨૫, તા.૦૫/૦૭/૨૦૨૫

// જાહેરનામું //

// ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા સને-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ //

No.EC/MAG/WS/6400 TO 6430/2025.-ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો તેમજ ભુતકાળમાં અમદાવાદ શહેર ખાતે થયેલ બોમ્બ બ્લાસ્ટ તેમજ વડોદરા શહેરમાંથી તાજેતરમાં આતંકવાદીઓ પકડાયેલ છે તેમજ મુંબઈ શહેરમાં ત્રાસવાદીઓએ અંધાધુંધ ગોળીબાર અને સ્ફોટક પદાર્થનો તથા હેન્ડ ગ્રેનેડનો ભયાનક બ્લાસ્ટ કરી સમગ્ર શહેરને હચમચાવી દીધેલ અમુક બનાવોથી જણાયેલ છે કે, ત્રાસવાદીઓ/ અસામાજીક તત્વો બહારથી આવી શહેર વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી તથા શાંતિનો ભંગ કરે છે. તેમજ માનવ જીંદગીને ખુવારી થાય અને જાહેર જનતાની જાનમાલ મિલ્કતને નુકશાન પહોંચાડી ગુન્હાઓ આચરી નાસી છુટતા હોય છે. આમ આ તમામ ગુનાહીત કામગીરીમાં

ગુન્હેગારો એક બીજાના સંપર્ક માટે મોબાઈલ ફોનનો સતત ઉપયોગ કરતા હોવાનું તેમજ મોબાઈલ ફોનનો ઉપયોગ કરી ગુન્હાઓ કરતા હોવાનું તપાસ એજન્સીઓની તપાસમાં બહાર આવેલ છે તેમજ તાજેતરમાં મિલકત સંબંધી તેમજ શરીર સંબંધી શોધાયેલ -ગુન્હાઓમાં પણ ગુન્હેગારો મોબાઈલ ફોનનો ઉપયોગ કરેલ હોવાનું જણાયેલ છે.

આમ, આવા ગંભીર પ્રકારના ગુન્હા શોધી કાઢવા તથા અટકાવવા ગુન્હામાં વપરાયેલ મોબાઈલ ફોનના IMEI નંબરનું ટ્રેકિંગ કરી ગુન્હાના મુળ સુધી પહોચવાના પ્રયત્નો કરવામાં આવે છે. આવા ઘણા કિસ્સામાં મોબાઈલ ફોનના વપરાશ કર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળેલ છે કે, આ મોબાઈલ ફોન કોઈ અજાણ્યા વ્યકિત પાસેથી ખરીદેલ છે. આ મોબાઈલ ફોન વાપરનારને મોબાઈલ ફોન અગાઉ ગુન્હામાં વપરાયેલ કે ચોરાયેલ હોવાની માહીતી હોતી નથી. આમ આ પ્રકારે તપાસમાં આવતા વિક્ષેપોને કારણે જયારે જુના મોબાઈલ/સીમકાર્ડ લેતા કે વેચતા વખતે મોબાઈલ વેચનાર તથા મોબાઈલ/સીમકાર્ડ ખરીદનારનું નામ સરનામું તથા તેની ઓળખ અંગેની હકિકત નોંધણી થાય તે સુલામતીની દ્રષ્ટીએ અત્યંત આવશ્યક છે. જેથી મોબાઈલ સીમ ડિસ્ટ્રીબ્યુટરોરીટેઈલ વિક્રેતા ઉપર નીચે જણાવ્યા મુજબના નિયંત્રણો / .મુકવાનું જરૂરી જણાય છે

૧. કોઈપણ જાતના એકટીવેટેડ (પૂર્વ કાર્યરત) સીમકાર્ડનું વેચાણ કરવામાં આવશે નહીં.

૨. મોબાઈલ સીમ ડિસ્ટ્રીબ્યુટરો/રીટેઈલ વિક્રેતાનાઓએ. કોઈ પણ વ્યક્તિને સીમકાર્ડ વેચાણ કરતાં પહેલાં તેના ઓળખકાર્ડ, ડ્રાઈવિંગ લાયસન્સ, ચૂંટણીકાર્ડ, આધારકાર્ડ, પાસપોર્ટ વિગેરે રજૂ કરેલ પુરાવા મેળવી ચકાસણી કર્યા પછી જ અને ગ્રાહકની ઉપરોકત દસ્તાવેજથી ઓળખ કર્યા પછી જ સીમકાર્ડ એકટીવેટ કરવામાં આવશે અને પુરાવાની ફાઈલ નિભાવવાની રહેશે.

૩. મોબાઈલ સીમ, ડિસ્ટ્રીબ્યુટરો/રીટેઈલ વિક્રેતાનાઓએ જયારે પણ કોઈ ગુજરાત રાજય બહારના નામ,, સરનામાં ઉપર સીમકાર્ડ મેળવવા કોઈ પોતાના પુરાવા રજૂ કરે તો તેના સીમકાર્ડ એકટીવેટ કરતા અગાઉ એક સ્થાનિક વ્યક્તિનો એટલે કે, વડોદરા જીલ્લાના વ્યક્તિની ઓળખ ફરજીયાત લેવી.

૪. જો કોઈ વ્યક્તિ કે સંસ્થા એકથી વધુ સંખ્યામાં (વધારે જથ્થામાં) સીમકાર્ડ ખરીદવા માટે આવનાર વ્યક્તિ કે દરખાસ્ત કરનાર વ્યક્તિની સંપૂર્ણ વિગત રોજે-રોજ લાગતાં-વળગતાં સ્થાનિક પોલીસ સ્ટેશને મોકલી આપ્યા બાદ તે સીમકાર્ડ/સીમકાર્ડસનું એકટીવેશન કરી શકશે.

સમગ્ર દેશ તથા દુનિયામાં અશાંતિ ફેલાવતા આતંકવાદી/ત્રાસવાદી તત્વોને ઝબ્બે કરવાની તંત્ર દ્વારા કરવામાં આવતી કાર્યવાહીમાં, મોબાઈલ/સીમકાર્ડ લે/વેચ કરનાર વેપારીઓનો પુરેપુરો સાથ અને સહકાર મળી રહે, તેવા શુભ આશયથી, નીચે જણાવેલ પત્રક મુજબ મોબાઈલ/સીમકાર્ડ લે/વેચ કરનાર વેપારીએ, મોબાઈલ/સીમકાર્ડ લેતા પહેલાં મોબાઈલ વેચનારનું તથા મોબાઈલ/સીમકાર્ડ વેચતા પહેલા મોબાઈલ/સીમકાર્ડ ખરીદનારનું ફોટો ઓળખ કાર્ડ અને પુરેપુરું નામ, સરનામું નોંધવું ફરજીયાત બનાવવામાં આવે તે માટે, વડોદરા ગ્રામ્ય જીલ્લામાં આવેલ તમામ મોબાઈલ/સીમકાર્ડ લે/વેચ કરનાર વેપારીઓ મોબાઈલ/સીમકાર્ડ લેતા અથવા વેચતા પહેલાં, ખરીદનાર અથવા વેચનારના ફોટો ઓળખ કાર્ડ સાથેનું રજિસ્ટર નિભાવવું, જેમાં મોબાઈલ ફોન/સીમકાર્ડ ખરીદનાર/વેચનારનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ તેમજ તેના હસ્તાક્ષર અચુક મેળવવા તે અંગે પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય દ્વારા જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે.

વાસ્તે, હું બી. એસ. પટેલ (GAS) અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, વડોદરા ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિગતો વડોદરા જિલ્લાના પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેરની હકુમત સિવાયના વડોદરા ગ્રામ્ય જિલ્લાના સમગ્ર વિસ્તાર (નગરપાલિકા વિસ્તાર સહિત) માં તથા વડોદરા જિલ્લાના પોલીસ કમીશ્નરશ્રીની હદ વિસ્તાર સિવાયના વડોદરા મ્યુનિસીપલ કોર્પોરેશનમાં સમાવિષ્ટ વિસ્તારમાં પાલન કરવાનુ રહેશે.

જુના મોબાઈલ ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અ. નં.	મોબાઈલની વિગત/ કંપની	IMEI NO.	મોબાઈલ વેચનારનું નામ, સરનામાની વિગત	ID પ્રુફની વિગત

જુના મોબાઈલ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અ. નં.	મોબાઈલની વિગત/ કંપની	IMEI NO.	મોબાઈલ વેચનારનું નામ, સરનામાની વિગત	ID પ્રુફની વિગત

નવા સીમકાર્ડ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અ. નં.	સીમકાર્ડની વિગત/ કંપની	MO. NO.	સીમકાર્ડ ખરીદનારનું નામ, સરનામાની વિગત	ID પ્રૂફની વિગત	રાજ્ય બહારના વ્યક્તિ માટે સ્થાનિક વ્યક્તિની ઓળખની વિગત

આ હુકમ તા. ૧૬/૦૭/૨૦૨૫ થી તા. ૧૫/૦૯/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપલા દરજજાનો હોદો ધરાવનાર તમામ - અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે બી.એન.એસ. કલમ ૨૨૩ મુજબ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૬/૦૭/૨૦૨૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

બી. એસ. પટેલ,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
વડોદરા

વંચાણે લીધું:-

પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્યના પત્ર ક્ર. SOG/૩૫૬/૨૦૨૫, તા.૦૫/૦૭/૨૦૨૫

// જાહેરનામું //

// ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા સને-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ //

No.EC/MAG/WS/6462 To 6492/2025.-વડોદરા ગ્રામ્ય જીલ્લામાં મોટા પ્રમાણમાં ઔદ્યોગિક એકમો અને જી.આઈ.ડી.સી. વિસ્તાર આવેલ છે. જેમાં ગુજરાત રાજયમાંથી તેમજ ભારત દેશના અલગ-અલગ રાજયોમાંથી હજારોની સંખ્યામાં જીલ્લા/રાજય બહારના પરપ્રાંતિય લોકો રોજગારી અર્થે આવતા હોય છે તેમજ ખેડુતો અને જીલ્લામાં આવેલ ફાર્મ હાઉસના માલિકો ધ્વારા ખેતીવાડી તેમજ સારસંભાળ માટે પરપ્રાંતિય ઈસમોનૈ રાખતા હોય છે. જેમાં અમુક ગુનાહીત ઈતિહાસ ધરાવતા તથા ગુનાહીત માનસિકતા ધરાવતા ઈસમો હોય તેવી સંભાવના રહેલી છે. તાજેતરમાં વડોદરા તાલુકાના શેરખી . ખાતે મકાન માલિકને પરપ્રાંતીય ઈસમો ધ્વારા બાંધીને માર મારી રોકડ તેમજ સોના-ચાંદીના દાગીના અને વાહનની ચોરી કરવામાં આવેલ તેમજ અન્ય બનાવમાં વડોદરા તાલુકાના શેરખી ખાતે જાણીતા બિલ્ડરનું તેઓના ફાર્મ હાઉસમાં રહેતા મજુરો ધ્વારા મોત નીપજાવેલ છે. ભુતકાળમાં પણ કેટલાક પરપ્રાંતિય મજુરો ચોરી, લુંટ કે ગંભીર પ્રકારના હુમલાઓ કરી લોકોની જીંદગીની ખુંવારી થાય અથવા લોકોની સંપત્તીને નુકસાન થાય તેવું કૃત્ય કરીને નાસી ગયેલ છે. જયારે મજુરીકામ કરવા માટે રાખનાર માલિક કે એજન્સી પાસે તપાસ કરતા આવા પરપ્રાંતિય મજુરોના ટુંકા નામ સિવાય વિશેષ કોઈ માહિતી હોતી નથી. જેના કારણે આવા ગુનેગાર ઈસમોને પકડવાનું અને ગુન્હો શોધવાનું મુશ્કેલ બને છે.

જે તમામ પરિસ્થિતીને અનુલક્ષીને આવા ગુનેગારોની ભવિષ્યમાં તપાસમાં ભાળ મળે તે માટે તેમજ તેમના નાપાક મનસુબામાં કામયાબ ન બને તે માટે પરપ્રાંતિય ઈસમોના જરૂરી રેકર્ડ ઉપલબ્ધ થઈ શકે તે માટે અત્રેની હકુમત હેઠળ આવેલ તમામ ઔદ્યોગિક એકમો, મકાન બાંધકામ બિલ્ડર્સ, ફાઉન્ડ્રી ઉદ્યોગ, કોન્ટ્રાકટરો, ખેતી કામ તથા અન્ય ઉદ્યોગો, વેપાર-ધંધા સાથે સંકળાયેલા તમામ પ્રાઈવેટ સેકટરના માલિકો, મેનેજમેન્ટ અને કોન્ટ્રાકટરો કે જેઓના યુનીટમાં કર્મચારી, કારીગરો, મજુરો કે ભાગીયા હાલમાં કામ કરે છે તેવા કાયમી, રોજીંદા કે કોન્ટ્રાકટના કે ભાગીયા, કર્મચારીઓ/કારીગરો/મજુરોની હકીકત આ સાથે સામેલ પત્રક-એ મુજબની માહિતી સંબંધિત પોલીસ સ્ટેશન ખાતે જમા કરાવે તે માટે પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય ધ્વારા જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે.

વાસ્તે હું બી. એસ..પટેલ (GAS) અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, વડોદરા, ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિગતો વડોદરા જિલ્લાના પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેરની હકુમત સિવાયના વડોદરા ગ્રામ્ય જિલ્લાના સમગ્ર વિસ્તાર (નગરપાલિકા વિસ્તાર સહિત) માં તથા વડોદરા જિલ્લાના પોલીસ કમીશ્નરશ્રીની હદ વિસ્તાર સિવાયના વડોદરા મ્યુનિસીપલ કોર્પોરેશનમાં સમાવિષ્ટ વિસ્તારમાં આ સાથે સામેલ પત્રક-એ મુજબની માહિતી સંબંધિત પોલીસ સ્ટેશન ખાતે જમા કરાવવાની રહેશે.

આ હુકમ તા. ૧૬/૦૭/૨૦૨૫ થી તા. ૧૫/૦૯/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપલા દરજજાનો હોદો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર-ઈસમો સામે બી.એન.એસ. કલમ ૨૨૩ મુજબ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

પત્રક-એ

કારીગર/ખેત મજુરનો તાજેતરનો ફોટો

ક્રમ	મુદ્દા	વિગત
૧	ખેતી/મજુરી કરવા રાખેલ વ્યક્તીનું પુરૂનામ, ઉમર, વતનનું સરનામું, મોબાઈલ નંબર (ફોટો આઈ.ડી.પ્રુફની નકલ સાથે)	
૨	ખેતી/મજુરી કરવા રાખેલ વ્યકતીનું હાલનુ રહેણાકનું સરનામુ તથા મોબાઈલ નંબર, સંપર્ક નંબર	
૩	તેની સાથે બીજા માણસો રહેતા હોય તે તમામના નામ-સરનામુ, મોબાઈલ નંબર	
૪	જેને ત્યાં કામ કરતા હોય તે માલિકનું નામ-સરનામુ, મોબાઈલ નંબર	
૫	કોઈ મારફતે આવી વ્યક્તિને કામે રાખેલ હોય તો તેવા મધ્યસ્થીનું નામ-સરનામુ, મોબાઈલ નંબર	
૬	અગાઉ જે કોઈ જગ્યાએ કામ કરેલ હોય તો તેના માલિકનું નામ-સરનામુ અથવા તેના ગામના સરપંચનુ નામ-સરનામુ, મોબાઈલ નંબર	
૭	સ્થાનિકમાં આવી રીતે કામે રાખેલના ઓળખીતા રહેતા હોય તો તેમના નામ-સરનામુ, મોબાઈલ નંબર	
૮	કામે રાખેલ વ્યક્તિના વતનનું પુરૂ સરનામુ, પોલીસ સ્ટેશન તથા વતનમાં રહેતા માતા, પિતા, ભાઈ, બહેનની વિગત નામ-સરનામુ, મોબાઈલ નંબર	
૯	પરણિત હોય તો પત્ની/પતિનું તથા સસરા/સાળાના નામ-સરનામુ, મોબાઈલ નંબર	
૧૦	કામે રાખેલ વ્યક્તિની ઉચાઈ, દેખાવનું વર્ણન, અભ્યાસ તથા ઓળખી શકાય તેવી શારીરીક કોઈ નિશાની પૈકી શક્ય હોય તેટલી વિગતો આપવી.	

આજ તા.૧૬/૦૭/૨૦૨૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

બી. એસ. પટેલ,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
વડોદરા

વંચાણમાં લીધું:-

પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્યના પત્ર ક્ર. SOG/૩૫૬/૨૦૨૫, તા.૦૫/૦૭/૨૦૨૫

// જાહેરનામું //

// ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા સને-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ //

No.EC/MAG/WS/6493 To 6523/2025.-વડોદરા જીલ્લાના ઘણાં વિસ્તારોમાં કોફીશોપ, હોટલો, કાફે, રેસ્ટોરન્ટો વિગેરે આવેલ છે જે પૈકી કેટલાક સ્થળોએ કોફીશોપ, હોટલો, કાફે, રેસ્ટોરન્ટો વિગેરેની આડમાં એકાંતમાં બેસી કોઈ જોઈ ન શકે તેવી બંધ જગ્યા (કપલ બોક્ષ) ઉભા કરી તેમાં અસામાજીક પ્રવૃત્તીઓ ચાલતી હોય છે. જેમાં કેટલાક અસામાજીક તત્વો ધ્વારા અશ્લીલ કૃત્યો, નશીલા કેફી દ્રવ્યોનું સેવન થતું હોવાનું જણાઈ આવેલ છે. એકાંતમાં બેસી કોઈ જોઈ ન શકે તેવી બંધ જગ્યા (કપલ બોક્ષ)ની આડમાં ચાલતી પ્રવૃત્તીઓને કારણે નાની વયના યુવક-યુવતીઓ ભોગ બનતા હોય છે. જેનાથી મૃત્યુ, રેપ અને બ્લેક મેઈલીંગના કિરસાઓ પણ બનતા હોય છે.

જેથી પ્રવર્તમાન સંજોગોને અનુલક્ષી આવા બનાવો બનતા અટકાવવા માટે અત્રેની હકુમત હેઠળ આવેલ કોફીશોપ, હોટલો, કાફે, રેસ્ટોરન્ટોને નીચે જણાવ્યા મુજબના નિયમોનું પાલન કરવા પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય ધ્વારા જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે.

વાસ્તે હુ બી. એસ. પટેલ, (GAS) અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, વડોદરા, ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિગતો વડોદરા જીલ્લાના પોલીસ કમિશ્નરશ્રી, વડોદરા શહેરની હકુમત સિવાયના વડોદરા ગ્રામ્ય જીલ્લાના સમગ્ર વિસ્તાર (નગરપાલિકા વિસ્તાર સહિત) માં તથા વડોદરા જિલ્લાના પોલીસ કમીશ્નરશ્રીની હદ વિસ્તાર સિવાયના વડોદરા મ્યુનિસીપલ કોર્પોરેશનમાં સમાવિષ્ટ વિસ્તારમાં પાલન કરવાનુ રહેશે.

“નિયમો”

(૧) કોફીશોપ, હોટલો, કાફે, રેસ્ટોરન્ટો વિગેરે જગ્યાઓએ એકાંતમાં બેસી કોઈ જોઈ ન શકે તેવી બંધ જગ્યા (કપલ બોક્ષ) બનાવવા પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

(૨) કોફીશોપ, હોટલો, કાફે, રેસ્ટોરન્ટો વિગેરે જગ્યાએ સ્પષ્ટ રીતે દેખાય તેવી બેઠક વ્યવસ્થા રાખવાની રહેશે.

(૩) ઉપરોકત તમામ જગ્યાએ સ્પષ્ટ દેખાય તે રીતે CCTV કેમેરા લગાડવાના રહેશે.

આ હુકમ તા. ૧૬/૦૭/૨૦૨૫ થી તા. ૧૫/૦૯/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપલા દરજજાનો હોદો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે બી.એન.એસ. કલમ ૨૨૩ મુજબ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૬/૦૭/૨૦૨૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

બી. એસ. પટેલ,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
વડોદરા

Signature Not Verified
Signed by:MAHENDRA DHARKAR
Date: 2025.08.29 18:45:21 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Vadodara